Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 2 • Issue :52• Date : 17-04-2025 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

## ટ્રમ્પના સત્તામાં આવ્યા પછી ગ્રીન કાર્ડની પ્રોસેસ ધીમી પડી ગઈ

એજન્સી દ્વારા

વોશિંગ્ટન

અમેરિકાના ગ્રીન કાર્ડ માટે ઘણા લોકો વર્ષોથી રાહ જોઈ રહ્યા છે. ગ્રીન કાર્ડની રાહ જોઈ રહેલામાં ભારતીયોની પણ ઘણી મોટી સંખ્યા છે. ટ્રમ્પ સત્તામાં આવ્યા તે પહેલા એપ્લીકેશન કર્યાના એક-દોઢ વર્ષમાં ગ્રીન કાર્ડ મળી જતું હતું પરંતુ હવે તેવું નથી રહ્યું. ટ્રમ્પે સત્તા સંભાળ્યા બાદ વિઝા અને ગ્રીન કાર્ડ આપવાની પોલિસીમાં ઘણા ફેરફારો કર્યા છે જેના કારણે પ્રોસેસિંગનો ટાઈમ વધી ગયો છે. તેમાંય ફેમિલી બેઝ્‌ડ ઈમિગ્રેશનની પ્રોસેસ ઘણી ધીમી પડી ગઈ છે. ખાસ કરીને સ્પાઉસ અને પેરેન્ટ્‌સ માટે ગ્રીન મેળવવા કે સ્પાઉસના સ્ટેટસને રેગ્યુલરાઈઝ્‌ડ કરવામાં બેથી ત્રણ વર્ષનો સમય લાગે તેવી સ્થિતિ ઊભી થઈ ગઈ છે. આ બેકલોગથી ઈન્ડિયન્સ વધુ નિરાશ થયા છે કેમકે ચીન, ફિલિપાઈન્સ અને મેક્સિકોની સાથે ભારત ચોથો એવો દેશ છે જેના સૌથી વધુ લોકો ગ્રીન કાર્ડની લાઈનમાં ઊભા છે.

શાઓ લો ફર્મના યુએસ બેઝ્‌ડ પ્રિન્સિપલ એટર્ની જથ શાઓએ અમારા સહયોગી ધ ઈકોનોમિક ટાઈમ્સને જણાવ્યું હતું કે, એક સમયે ગ્રીન કાર્ડ અને સ્પાઉસ સ્ટેટસ રેગ્યુલરાઈઝ્‌ડ કરાવવાની પ્રક્રિયામાં થોડા મહિના કે વધુમાં વધુ એક વર્ષનો સમય લાગતો હતું પરંતુ હવે બ્યુરોક્રેટ્‌સ પર કામનું ભારણ વધી ગયું છે. તેમણે જણાવ્યું હતું કે, ટ્રમ્પની પહેલી ટર્મ વખતે આ પ્રક્રિયામાં દોઢ વર્ષ જેટલો સમય લાગતો હતો અને હવે તો યુએસ સિટીઝનને પણ તેમના સ્પાઉસ માટે ગ્રીન કાર્ડ મેળવવામાં બેથી ત્રણ વર્ષ કે તેથી વધુ સમય લાગે તેવી પરિસ્થિતિ છે.

ઈમિગ્રેશન વકીલોના જણાવ્યા મુજબ, ગ્રીન કાર્ડ મળવામાં મોડું થવા પાછળ ઘણા બધા કારણો જવાબદાર છે. જેમાં ટ્રમ્પના આવ્યા પછી બદલાયેલી પોલિસી મુખ્ય કારણ છે. તેમના કહેવા મુજબ, ગ્રીન કાર્ડની પ્રોસેસિંગ પ્રક્રિયા પહેલેથી ધીમી છે ત્યારે ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશનને સ્ક્રૂટિનીને વધુ કડક બનાવી દેતા તેની અસર તો હજુ હવે જોવા મળશે.




નવી દિલ્હી બેઝ્‌ડ સિંઘાનિયા એન્ડ કંપનીના પ્રાઈવેટ કલાયન્ટ પ્રેક્ટિસ હેડ કેશવ સિંઘાનિયાએ કહ્યું હતું કે, વિઝા ઈન્ટર્વ્યુ વેવર પ્રોગ્રામમાં એલિજિબિટી ક્રાઈટેરિયામાં ફેરફાર થવાના કારણે પ્રોસેસિંગમાં સમય લાગી રહ્યો છે.

ફેબ્રુઆરીમાં ટ્રમ્પે 'વન વોઈસ ફોર અમેરિકાસ ફોરેન રિલેશન્સ' એક્ઝિક્યુટિવ ઓર્ડર સહી કરી હતી, જેમાં યુએસ એમ્બેસીસ અને લોકલ તેમજ ઓવરસીસ સ્ટાફમાં ઘટાડવાનો આદેશ કરાયો હતો. તેના કારણે એપ્લીકેશન પ્રોસેસમાં મોડું થઈ રહ્યું છે અને બેકલોગ વધ્યો છે.

ભારત અને અમેરિકામાં ઓફિસ ધરાવતા ઈમિગ્રેશન લો ફર્મ લોક્વીસ્ટના મેનેજિંગ પાર્ટનર પૂર્વી ચોથાણીએ જણાવ્યું હતું કે, ઘણા એપ્લીકન્ટ્‌સને ઈન્ટર્વ્યુમાંથી અપાયેલી મુક્તિ પાછી ખેંચી લેવાતા અને જૂની તેમજ અસંગત તપાસ પદ્ધતિ પર મોટા પ્રમાણમાં નિર્ભરતાના કારણે પણ સમસ્યા ઊભી થઈ છે. તેમણે જણાવ્યું હતં કે, ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન દ્વારા ચેઈન માઈગ્રેશન એટલે કે લીગલ ઈમિગ્રેશન અને તેમાંય ખાસ કરીને ફેમિલી બેઝ્‌ડ ઈમિગ્રેશનને ઓછું કરવા માટે કાયદો લાવવા પ્રયાસ કર્યો હતો. તેમના કહેવા મુજબ, જ્યારે કાયદાકીય પ્રયાસો નિષ્ફળ રહે છે ત્યારે સરકાર આવા કેસોને પ્રાથમિકતા આપવાનું ઓછું કરી દે છે અને તેના કારણે ઈમિગ્રેશન પ્રોસેસમાં અડચણ ઊભી થાય છે.

ઈમિગ્રેશન પોલિસીમાં ફેરફારથી માત્ર ગ્રીન કાર્ડમાં જ મોડું થઈ રહ્યું છે એવું નથી, 'આઉટ ઓફ સ્ટેટસ' સ્પાઉસીસ માટે પણ સ્થિતિ મુશ્કેલ બની ગઈ છે. ઈમિગ્રેશન ફોકસ્ડ યુએસ લો ફર્મ ડેવિસ એન્ડ એસોસિએટ્‌સના ઈન્ડિયા હેડ સુકન્યા રમનએ તે અગે વાત કરતા નવેમ્બર ૨૦૨૪માં ફેડરલ કોર્ટે આપેલા ચૂકાદાને ટાંક્યો હતો, જેમાં કોર્ટે બાઈડન સમયના 'કિપિંગ ફેમિલીસ ટુગેધર' પ્રોગ્રામને રદ કરી દીધો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ પ્રોગ્રામ ઓગસ્ટ ૨૦૧૪માં બાઈડન એડમિનિસ્ટ્રેશન દ્વારા લાગુ કરાયો હતો. જેમાં 'આઉટ ઓફ સ્ટેટસ' ધરાવતા લોકોને અમેરિકામાં રહેવાની, વર્ક પરમીટ મેળવવાની અને પેરોલ ઈન પ્લેસ તરીકે ઓળખાતી પ્રોસેસના માધ્યમથી લીગલ રેસિડન્સી માટે એપ્લાય કરવાની મંજૂરી અપાઈ હતી.

'કિપિંગ ફેમિલીસ ટુગેધર' પ્રોગ્રામને બંધ કરી દેવાતા અમેરિકન સિટીઝન સાથે લગ્ન કરનારા ૫ લાખ 'આઉટ ઓફ સ્ટેટસ' ઈમિગ્રન્ટ્‌સ પ્રભાવિત થયા હતા અને તેમાંથી ઘણાને હવે અમેરિકા છોડવું પડી શકે છે અને તેમની રિ-એન્ટ્રી પર પ્રતિબંધ પણ મૂકાઈ શકે છે. 'આઉટ ઓફ સ્ટેટસ' એવા લોકોને કહેવાય છે કે જે અમેરિકામાં કાયદેસર આવ્યા હોય પરંતુ તેમણે વિઝાના નિયમોનું ઉલ્લંઘન કર્યું હોય કે ઓવરસ્ટે કર્યો હોય.

આ દરમિયાન માર્ચ ૫એ **USCIS**એ જાહેર કરેલા નવા નિયમોમાં સોશિયલ મીડિયા સ્ક્રૂટિની, રિવાઈઝ્‌ડ ફોર્મ્સ અને ફાઈલિંગ ચાર્જમાં વધારો પણ સામેલ છે. જેણે ગ્રીન કાર્ડ પ્રોસેસિંગની પ્રક્રિયાને વધુ જટિલ બનાવી દીધી છે.

## હવે ગોલ્ડની સામે ૯૦ નહીં પણ ૭૫ ટકા જ લોન મળશે

એજન્સી દ્વારા

નવી દિલ્હી

સોનાને સંકટ સમયની સાંકળ માનવામાં આવે છે અને એટલે જ આપણા દેશમાં સોનું ખરીદીને સંગ્રહ કરવાનું ચલણ પેઢીઓથી ચાલતું આવે છે. આપણા દેશમાં લોકોના ઘરમાં પેઢી દર પેઢીથી સંગ્રહ કરાયેલું ઘણું સોનું પડ્યું છે. જોકે, છેલ્લા કેટલાક વર્ષોમાં ગોલ્ડ લોન લેવાનું પ્રમાણ પણ વધ્યું છે. વધતા ખર્ચા અને તેની સામે મર્યાદિત આવકના કારણે લોકો હવે સોનું ગિરવે મૂકીને લોન લેતા થઈ ગયા છે. અત્યાર સુધી જ્વેલર્સ અને નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ **(NBFCs)** ગોલ્ડ લોન આપતી હતી પરંતુ તાજેતરના વર્ષોમાં ગોલ્ડ લોન આપવામાં બેંકોનો રસ પણ વધ્યો છે. જોકે, ગોલ્ડ લોન આપવાની બાબતમાં બેંકો અને નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ માટે નિયમોમાં સમાનતા અભાવ જોવા મળતો હતો. પરંતુ હવે **RBI** ઈચ્છે કે બંને માટે નિયમો એક સરખા હોય. એ કારણે **RBI**એ ગોલ્ડ લોનના નિયમોમાં મોટા ફેરફાર કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.આ પ્રસ્તાવ મુજબ, હવે ગિરવે રાખવામાં આવનારા સોનાની સામે તેની કિંમતના ૭૫ ટકા સુધી જ લોન આપી શકાશે. તેને લોન-ટુ-વેલ્યુ **(LTV)** રેશિયો કહેવામાં આવે છે. આ લિમીટ બેંક અને નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ બંને પર સમાન રીતે લાગુ થશે. ઉલ્લેખનીય છે કે, કોરોના કાળમાં લોકોને રાહત આપવા **RBI**એ આ લિમીટ વધારીને ૯૦ ટકા કરી દીધી હતી. હવે સ્થિતિ સામાન્ય થઈ ગઈ છે ત્યારે ફરીથી ગોલ્ડ લોનના નિયમો કડક બનાવાઈ રહ્યા છે.**RBI**એ **NBFCs** અને બેંકોને જણાવ્યું છે કે, તેઓ ઈન્ટરનલ રિસ્ક એસેસમેન્ટના આધાર પર **LTV** નક્કી કરે. તે સાથે જ એક સ્ટાન્ડર્ડ વેલ્યુએશન ફ્રેમવર્કની વાત કરવામાં આવી છે. જેમાં સોનાની શુદ્ધતા, વજન અને રેફરન્સ પ્રાઈસને ટ્રાન્સપરન્સીની સાથે સમગ્ર દેશમાં એક સરખી રીતે લાગુ કરવાની રહેશે. આ જાણકારી બેંકો અને **NBFCs**એ વેબસાઈટ પર પણ મૂકવાની રહેશે.**RBI**ના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, બેંકો અને **NBFCs** જેવી બધી નાણાકીય સંસ્થાઓ માટે ગોલ્ડ લોનના નિયમો એક જાવ હોવા જરૂરી છે. દરેક સંસ્થાની જોખમ લેવાની ક્ષમતા અલગ હોય છે એટલે નિયમ એવા હોવા જોઈએ જે બધા પર સમાન રીતે લાગુ થાય અને સાથે જ તેમની જોખમ ક્ષમતાનું પણ ધ્યાન રાખે. **RBI**નું કહેવું છે કે, હવે ગોલ્ડ લોન આપવાની રીત અને નિયમો વધુ કડક બનશે. પહેલા ઘણી વખત એવું બનતું હતું કે, જેટલું સોનુ ગિરવે રાખવામાં આવતું હતું તેટલી લોન અપાતી હતી અને તેમાં લોન લેનારને ખરેખર જરૂર છે કે નહીં તે ધ્યાનમાં લેવાતું ન હતું. હવે **RBI** ઈચ્છે છે કે, લોન આપતી વખતે માત્ર સોનાની કિંમતને ધ્યાનમાં રાખવાને બદલે લોન લેનારી વ્યક્તિ તે પાછી ચૂકવી શકવાની ક્ષમતા ધરાવે છે કે નહીં અને તેને કેટલા રૂપિયાની જરૂર છે તે બાબત પણ જોવામાં આવે.


ગોલ્ડ લોનની પ્રોસેસ શું તે જોઈએ તો ગ્રાહક ઘરમાં રાખેલી ગોલ્ડ જ્વેલરી, ગોલ્ડ કોઈન વગેરેને ગોલ્ડ લોન કંપની કે બેંક પાસે ગિરવે રાખીને ગોલ્ડ લોન લે છે. ગોલ્ડ લોન કંપની ગ્રાહકની ગોલ્ડ જ્વેલરીની વેલ્યુ નક્કી કરે છે અને એ વેલ્યુના આધારે લોન ગ્રાહકને આપે છે. ગ્રાહક આ લોનને દર મહિને **EMI**માં બેંકને પાછી આપે છે. તેમાં ઈન્ટરેસ્ટ પણ સામેલ હોય છે. ગોલ્ડ લોન કંપનીઓ ગ્રાહકને બુલેટ પેમેન્ટનું ઓપ્શન પણ આપે છે. તેમાં ગ્રાહકને લોનની અવધિ પૂરી થાય ત્યારે એક સાથે ઈન્ટરેસ્ટ અને લોનના રૂપિયા પાછા આપવાના હોય છે.

## તંત્રીની કલમે.................

# સંઘીય મૂલ્યો સામે પડકાર

તમિલનાડુ સરકાર દ્વારા બંધારણના અનુચ્છેદ ૧૪૨ અંતર્ગત સર્વોચ્ચ ન્યાયાલયના ચુકાદાના આધાર પર દસ વિધેયકોને રાજ્યપાલની મંજૂરી વિના જ કાયદા રૂપે લાગુ કરી દેવા દેશના બંધારણીય ઈતિહાસમાં આ પ્રકારની પહેલી ઘટના તો છે જ, સાથે જ તે બંધારણીય પદોની ગરિમા, તેની ઉપયોગિતા અને નિષ્પક્ષતા પર ચર્ચાને પણ નવેસરથી શરૂ કરી શકે છે. સર્વોચ્ચ ન્યાયાલયની પીઠે પોતાની અસાધારણ શક્તિઓનો પ્રયોગ કરીને ચુકાદો આપતાં કહ્યું કે બંધારણ રાજ્યપાલને અનિશ્ચિત સમય સુધી વિધેયકને રોકવાની અનુમતિ નથી આપતું. સુપ્રીમ કોર્ટની પીઠે ત્રણ મહિનાની અંદર વિધેયકો પર નિર્ણય લેવા માટે સમય નિર્ધારિત કર્યો છે, પરંતુ ભારત જેવા વિવિધ અને જટિલ રાષ્ટ્રમાં, જ્યાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંતુલન જાળવી રાખવું એક પડકાર છે, તેમાં રાજ્યપાલની ભૂમિકાને માત્ર બંધારણીય જ નહીં, પરંતુ સંઘીય મૂલ્યોના પરિપ્રે-યમાં પણ જોવી જરૂરી છે. રાજ્યપાલ સંઘીય વ્યવસ્થાનું એક અભિન્ન અંગ છે, જે કેન્દ્ર રાજ્ય વચ્ચે સંતુલન બનાવી રાખવાનું કાર્ય કરે છે. રાજ્યપાલ અને તમિલનાડુ સરકાર વચ્ચે ટકરાવને ખતમ કરવા માટે આપવામાં આવેલો આ ચુકાદો ભલે તાત્કાલિક સમાધાન દેખાતો હોય, પરંતુ ભવિષ્યમાં સમાધાનને બદલે તેનાથી જટિલતાઓ વધી શકે છે.આશ્ચર્ય નહીં કે કેન્દ્ર સરકાર આ ચુકાદા વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં પુનર્વિચાર અરજી દાખલ કરી શકે છે. આ ચુકાદાથી રાજ્યપાલોની શક્તિ તો સીમિત થશે જ, કેન્દ્ર અને રાજ્યો વચ્ચે રાજકીય સંઘર્ષ પણ વધુ સઘન બનશે. સંઘીય વ્યવસ્થામાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સામંજસ્ય અને સંતુલનથી જ લોકતંત્ર અને દેશનો વિકાસ થઈ શકે છે, પરંતુ આ ચુકાદાથી કેન્દ્રની સત્તાને પડકાર આપનારી વિપક્ષ શાસિત રાજ્ય સરકારો મનમાફક પગલાં ઉઠાવી શકે છે. પશ્ચિમ બંગાળ અને કેરલમાં પણ રાજ્યપાલ સાથે રાજ્ય સરકારોનો કેટલાય મુદ્દાઓ પરટકરાવ ચાલુ છે. તેથી સૌથી મોટી ચિંતાની વાત એ છે કે એનાથી ખોટી પરંપરા શરૂ ન થઈ જાય અને સંઘીય માળખું મજબૂત થવાને બદલે કમજોર ન થવા લાગે. આ ચુકાદા બાદ જો ન્યાયપાલિકાના રાજકીય પ્રભાવ પર પણ નવેસરથી ચર્ચા શરૂ થાય તો નવાઈ નહીં. એ પણ ધ્યાન આપવું જરૂરી છે કે તમિલનાડુ સરકાર અને રાજ્યપાલ વચ્ચે મતભેદોનો આધાર માત્ર પ્રશાસનિક નહીં, પરંતુ રાજકીય પણ હતો. સુપ્રીમ કોર્ટનો ચુકાદો ભલે તાત્કાલિક સમાધાન હોય, પરંતુ આ ચુકાદો દીર્ઘકાળમાં સંઘીય માળખાને પ્રભાવિત કરી શકે છે. રાજ્યપાલ કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સેતુનું કામ કરે છે, એટલું જ નહીં, તે બંધારણના પ્રહરી પણ છે. તેમની ભૂમિકા લોકતંત્ર, સંઘવાદની મજબૂતી માટે જરૂરી છે.

# અમેરિકા કરતાં વધારે ખતરનાક ચીન



બીજા વિશ્વયુદ્ધ બાદ અમેરિકા દુનિયાની સૌથી મોટી આર્થિક અને સૈન્ય શક્તિ બની ગયું. ત્યારથી અમેરિકી ડોલર વૈશ્વિક આરિક્ષત મુદ્રા રૂપે હાવી રહ્યો છે, જેનાથી વૉશિંગ્ટનને આખી દુનિયા પર સરસાઈ હાંસલ થઈ. લગભગ ૮૦થી વધારે દેશોમાં ૭૫૦ અમેરિકી સૈન્ય ઠેકાણાં છે. અમેરિકા છેલ્લા સાત દાયકાઓથી બાકી વિશ્વનો એજન્ડા નિર્ધારિત કરતું આવ્યું છે. ૧૯૯૧માં વિઘટન થતાં સુધી સામ્યવાદી સોવિયેત સંઘ જ અમેરિકા સાથે પ્રતિસ્પર્ધામાં હતું. સોવિયેત સંઘ વિખેરાઈ ગયા બાદ હવે 'સામ્યવાદી-અધિનાયકવાદી' ચીન જ 'લોકતાંત્રિક' અમેરિકાના વર્ચસ્વને સીધો પડકાર આપી રહ્યું છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ચર્ચિત ટેરિફ નીતિને પણ ચીનને બેકફૂટ પર ધકેલવાનો દાવો માનવામાં આવે છે. તેના માટે ટ્રમ્પને કેટલાક લોકો પાગલ પમ ગણાવી રહ્યા છે, પરંતુ ટ્રમ્પના નિર્ણય એક સમજી-વિચારેલી અને દૂરગામી યોજનાનો હિસ્સો છે. બિન-હિસ્પાનિક શ્વેત વર્ગ રૂપે અમેરિકાનો એક મોટો વર્ગ ટ્રમ્પની સંરક્ષણવાદી અને પ્રવાસી-વિરોધી નીતિઓ સાથે ઊભો છે. આ વર્ગ સામે પોતાની ઓળખ અને અસ્તિત્વ બચાવવાનું સંકટ છે. ૧૯૬૦માં અમેરિકામાં આ વર્ગની આબાદી ૮૫ ટકાથી વધારે હતી, જે ૨૦૨૦માં ઘટીને લગભગ ૫૮ ટકા રહી ગઈ. તે અલ્પસંખ્યક થઈ જવાનો ખતરો છે. આ સ્થિતિ અમેરિકાને એક ભયાવહ ગૃહયુદ્ધ તરફ ધકેલી શકે છે, જેને 'મેક અમેરિકા ગ્રેટ અગેન' એટલે કે માગાથી પ્રેરિત નીતિઓથી ટાળવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે.

~~તેમાં કોઈ શંકા નહીં કે અમેરિકા~~ દુનિયાને પોતાને અનુસાર ચલાવવાનો પ્રયાસ કરતું રહ્યું છે. તેણે નૈતિકતાની દુહાઈ આપીને ૧૯૫૫માં વિયેતનામ પર હુમલો કર્યો, જે ૨૦ વર્ષ બાદ અંદાજે ૩૦ લાખથી વધારે લોકોનાં મોત અને અમેરિકાના પરાજય સાથે સમાપ્ત થયું. ૧૯૭૧માં પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ) સંકટ સમયે પણ તેનું વલણ યોગ્ય ન હતું. અમેરિકાએ સ્વાર્થવશ પાકિસ્તાનના સૈન્ય તાનાશાહો સાથે સારા સંબંધો રાખ્યા. ૧૯૭૯-૮૯ માં અફઘાનિસ્તાનથી સોવિયેત સંઘને ખદેડવા માટે અમેરિકાએ પાકિસ્તાન-સઉદી અરબની મજહબી સહાયતાથી જેહાદી જંગને સહારો આપ્યો અને તાલિબાનને અફઘાનિસ્તાનમાં સ્થાપિત કરાવ્યા. જોકે ૨૦૦૧માં ન્યૂયોર્કમાં થયેલ આતંકી હુમલા બાદ તેણે પોતાની નીતિ બદલી અને અફઘાનિસ્તાનમાં તાલિબાનને નિશાનો બનાવ્યું. જ્યારે નવા નિઝામ સાથે પણ વાત ન બની તો કાલાંતરમાં ફરી તાલિબાન સાથે સમજૂતી કરી લીધી. 'સામુહિક વિનાશના ઘાતક હથિયારો'ને ધ્વસ્ત કરવાના નામે ૨૦૦૩માં ઈરાક પર હુમલો કરવામાં આવ્યો અને હજારો લાશો બિછાવ્યા બાદ તાનાશાહ સદ્દામ હુસેનને ફાંસી પર લટકાવી દેવામાં આવ્યો. સ્પષ્ટ છે કે અમેરિકાનું બેવડું વલણ સુવિધાવાદી દષ્ટિકોણ દેખાય છે.

અમેરિકાની તુલનામાં ચીનને પરિભાષિત કરવું ક્યાંય વધારે જટિલ છે. ત્યાંનું રાજકીય માળખું એકપક્ષીય વામપંથી અધિનાયકવાદ પર આધારિત છે, જ્યારે અર્થતંત્ર ૧૯૭૮થી વિકૃત મૂડીવાદથી ગ્રસ્ત છે. આ વ્યવસ્થામાં લોકતંત્ર, માનવાધિકાર અને અસહમતિને કોઈ અવકાશ નથી. માનવીય શ્રમને મશીન રૂપે પરિવર્તિત કરી દેવામાં આવ્યો છે, જેને કારણે ચીન સસ્તા ઉત્પાદનનું 'વૈશ્વિક કારખાનું' બની ગયું છે. સભ્યતાગત પૂર્વગ્રહને કારણે ચીનના મનસૂબા સામ્રાજ્યવાદી પણ છે. આ ક્રમમાં તે દાયકાઓ પહેલાં તિબેટને ગળી ગયું, તો હવે ભારત સહિત અનેક દેશો સાથે તેનો સીમા વિવાદ ચાલે છે. તે નિર્ધારિત આંતરરાષ્ટ્રીય સમુદ્ર માર્ગો પર એલફેલ દાવા કરતું રહે છે.

સામ્યવાદી ચીન એટલું શક્તિશાળી કેવી રીતે બન્યું? તેનું કારણ પણ અમેરિકા જ છે, જેણે ચીનને પોતાના માટે મોટા બજાર રૂપે જોયું. તેણે ૧૯૯૯માં ચીન સાથે દ્વિપક્ષીય વેપાર સમજૂતી કરી. તેના બે વર્ષ બાદ ચીન વિશ્વ વેપાર સંગઠનમાં સામેલ થઈ ગયું. આ ચીનના આર્થિકુભારનું કેન્દ્ર બિંદુ હતું. વિશ્વ બેંક અનુસાર ૨૦૦૦માં ચીનનો જીડીપી એક ટ્રિલિયન (લાખ કરોડ) ડોલર અને પ્રતિ વ્યક્તિ આવક લગભગ ૯૬૦ ડોલર હતી. ત્યારે અમેરિકી જીડીપી ૧૦ ટ્રિલિયન ડોલર અને અમેરિકાની પ્રતિ વ્યક્તિ આવક ૩૬,૦૦૦ ડોલરથી વધારે હતી. એટલે કે ત્યારે ચીન અમેરિકાના અર્થતંત્રના ૧૦ ટકા બરાબર જ હતું. અઢી દાયકા બાદ ચીન અમેરિકી આર્થિક ક્ષમતાના ૬૫ ટકા થઈ ગયું છે. આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ - આઈએમએફ અનુસાર ૨૦૨૫માં ચીની જીડીપી ૧૯.૫ ટ્રિલિયન ડોલર અને પ્રતિ વ્યક્તિ આવક લગભગ ૧૪,૦૦૦ ડોલર છે. જ્યારે અમેરિકી જીડીપી ૩૦ ટ્રિલિયન ડોલર અને પ્રતિ વ્યક્તિ આવક લગભગ ૯૦ હજાર ડોલર છે. ચીનની પ્રગતિનું મખ્ય કારણ તેની અધિનાયકવાદી વ્યવસ્થા અને દુનિયાભરમાં સસ્તા દરે સ્તુઓની મોટા પાયે આયાત કરવી છે. એના જ જોરે ચીનનો વેપારી લાભ એક ટ્રિલિયન ડોલરથી વધારે થઈ ગયો છે. અમેરિકાની વાત કરીએ તો ચીન સાથે તેની વેપાર ખાધ ૨૯૫ અબજ ડોલર છે, જ્યારે ભારત સાથે લગભગ ૧૦૦ અબજ ડોલરની છે. આ સ્થિતિ ત્યારે છે, જ્યારે ૧૯૮૫માં ભારતની પ્રતિ વ્યક્તિ આવક ચીનને બરાબર લગભગ ૩૦૦ ડોલર હતી. કેટલાક લોકો સવાલ ઉઠાવી શકે છે કે ચીનના આર્થિક-લશ્કરી વિસ્તારથી પરેશાની શું છે. એ ઠીક છે કે અમેરિકા અને ચીન બંને દબંગ દેશો છે, જે વિશ્વને પોતાની શરતો પર હાંકવા માગે છે અને બંને પોતાની સામ્રાજ્યવાદી માનસિકતાને નૈતિકતા-સિદ્ધાંતોનો અંચળો પહેરાવતા રહે છે, પરંતુ બંનેમાં બુનિયાદી અંતર પણ છે. ચીનમાં સામ્યવાદ પ્રેરિત અધિનાયકવાદી વ્યવસ્થા છે. ત્યાં ના તો કોઈ ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગને સવાલ કરી શકે છે અને ના કોઈ તેમને કાયદેસર રૂપે હટાવી શકે છે. અમેરિકા એક જીવંત લોકતંત્ર છે અને ત્યાં માનવાધિકારોનું સન્માન છે. ટ્રમ્પને સવાલ કરી શકાય છે અને એવું થઈ પણ રહ્યું છે. તેમના કેટલાક સહયોગી જ તેમની ટેરિફ નીતિ પર સવાલ ઉઠાવી રહ્યા છે.

બંધારણીય બાધ્યતાને કારણે ટ્રમ્પ પોતાના બીજા કાર્યકાળ સુધી જ રાષ્ટ્રપતિ રહી શકે છે. તેથી અમેરિકાની તુલનામાં ચીન ભારત સહિત બાકી વિશ્વ માટે ક્યાંય વધુ મોટો ખતરો છે.

### પત્ની નીકળી લોહીની તરસી, પોલીસે કર્યો ખુલાસો

# બિહારના બાંકામાં માથા વગરનો મૃતદેહ મળી આવ્યો

એજન્સી દ્વારા

બાંકા

બિહારના બાંકામાં મળી આવેલા માથા વગરના મૃતદેહના કેસમાં પોલીસે મોટો ખુલાસો કર્યો છે. પોલીસે પત્રકાર પરિષદ દ્વારા આ અંગે માહિતી આપી છે. આ કેસમાં મૃતકની પત્ની સહિત ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. હકીકતમાં, ૧૧ એપ્રિલના રોજ, બાંકા જિલ્લાના અમરપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના રામપુર બહિયાર વિસ્તારમાં, જ્યારે વિલાસી કેનાલમાં એક વ્યક્તિનું માથું વગરનું શરીર મળી આવ્યું ત્યારે સનસનાટી ફેલાઈ ગઈ. લાશ મળી હોવાની માહિતી મળતા જ અમરપુર પોલીસ સ્ટેશનના વડા તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા અને તાત્કાલિક કેસની તપાસ શરૂ કરી દીધી. મૃતકની ઓળખ બિહારી યાદવ તરીકે થઈ હતી, જે અમરપુર પોલીસ સ્ટેશનના કેન્દુઆરનો રહેવાસી હતો. મૃતકની ઓળખ તેના કપડાં અને અન્ય સામાનના આધારે થઈ હતી, જેની પુષ્ટિ ઘટનાસ્થળે હાજર લોકોએ પણ કરી હતી. માહિતી મળતાં જ પરિવારના સભ્યોને જાણ કરવામાં આવી. મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, બાંકાના પોલીસ અધિક્ષકની સૂચના પર, એક ખાસ ટીમની રચના કરવામાં આવી હતી અને તાત્કાલિક તપાસ શરૂ કરવામાં આવી હતી. મૃતકની પત્ની રિંકુ કુમારીની પૂછપરછ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો. તેને કહ્યું કે તેના પતિ ૬ એપ્રિલે કોલકાતાથી પાછા ફર્યા પછી પુનસિયા પહોંચ્યા હતા અને તેણીએ પુનસિયાથી અંગ્રેજી વારો સુધી તેમની સાથે વાત કરી હતી, ત્યારબાદ તેમની સાથે કોઈ સંપર્ક થયો ન હતો.

પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે મૃતકની પત્ની રિંકુ કુમારીના ગામના કેટલાક અન્ય પુરુષો સાથે અફેર હતા. જ્યારે તેના પતિને આ વાતની ખબર પડી, ત્યારે તેણે તેને માર મારવાનું શરૂ કરી દીધું અને પૈસા આપવાનું પણ બંધ કરી દીધું. આ દુશ્મનાવટને કારણે, રિંકુ કુમારીએ તેના બે સાથીઓ બાલેશ્વર હરિજન અને બિજુલા દેવી સાથે મળીને તેના પતિની હત્યાનું કાવતરું ઘડ્યું. એવું કહેવામાં આવ્યું હતું કે રિંકુ કુમારી જેલમાં કેટલાક ગુનેગારોને મળી હતી, જ્યાં તેણે હત્યાની યોજના બનાવી હતી. જેલમાંથી બહાર આવ્યા પછી, તેણે હત્યા માટે બાલેશ્વર હરિજનને ૩૫ હજાર રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપ્યો.

# ગુજરાતનું રિયલ એસ્ટેટ માર્કેટ પણ મંદીમાંથી પસાર થઈ રહ્યું છે : રિપોર્ટ

પ્રતિનિધિ દ્વારા
અમદાવાદ

અમેરિકાના કારણે ગ્લોબલ ઈકોનોમીની સ્થિતિ હાલ ડામાડોળ થઈ ગઈ છે અને વિશ્વમાં મંદીના વાદળો છવાયેલા જોવા મળી રહ્યા છે. ભારતનું અર્થતંત્ર પણ હાલ સુસ્ત થઈ ગયું છે અને તેની સીધી અસર રિયલ એસ્ટેટ સેક્ટર પર થઈ છે. ગુજરાતમાં પણ રિયલ એસ્ટેટ સેક્ટરમાં મંદીનો માહોલ છે. ઘણા રેસિડેન્શિયલ પ્રોજેક્ટ બનીને તૈયાર છે પણ કોઈ ખરીદનાર નથી. આવા સમયમાં એક આશ્ચર્યજનક વાત સામે આવી છે. ઘટી રહેલી ડિમાન્ડ વચ્ચે ફાઈનાન્શિયલ યર ૨૦૨૪-૨૫માં રિયલ એસ્ટેટ પ્રોજેક્ટના રજિસ્ટ્રેશનમાં વધારો નોંધાયો છે. ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (GujRERA)ના આંકડા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૧,૮૨૩ પ્રોજેક્ટ્સનું રજિસ્ટ્રેશન થયું છે. જે ગત વર્ષ કરતા ૬ ટકાનો વધારો દર્શાવે છે. ગત નાણાકીય વર્ષમાં ૧,૭૧૩ પ્રોજેક્ટ્સનું રજિસ્ટ્રેશન થયું હતું.

એક્સપર્ટ્સનું માનવું છે કે, વર્ષના અંતમાં માગ વધવાની આશાએ પહેલા નવ મહિનામાં પોજેક્ટ રજિસ્ટ્રેશન્સમાં વધારો થયો છે. તે ઉપરાંત જંત્રી વધે તે પહેલા જ ડેવલપર્સે પોતાના પ્રોજેક્ટને મંજૂર કરાવી લીધા હતા એટલે તે પ્રોજેક્ટ્સને RERA રજિસ્ટ્રેશન્સ મળી ગયું છે. ગુજરાતના જુદા-જુદા જિલ્લાઓમાં વિવિધ કેટેગરીમાં નવા ૧,૮૨૩ પ્રોજેક્ટનું રજિસ્ટ્રેશન થયું છે અને સાથે જ મોટી સંખ્યામાં નવા પ્રોજેક્ટ્સની જાહેરાત પણ થઈ છે. ક્રેડાઈ ગુજરાતના વાઈસ પ્રેસિડન્ટ વિરલ શાહે જણાવ્યું હતું કે, આંકડા દર્શાવે છે કે ડેવલપર્સ રિયલ એસ્ટેટ ક્ષેત્રને લઈને ઉત્સાહિત છે. તેમણે જણાવ્યું હતું કે, ગત નાણાકીય વર્ષના પહેલા છ મહિનામાં ઘણા નવા રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ લોન્ચ થયા હતા. ઈન્ડસ્ટ્રીના સૂત્રોએ જણાવ્યું હતું કે, નાણાકીય વર્ષ ૨૦૨૫ના છેલ્લા ક્વાર્ટરમાં માગમાં સુસ્તી રહી હતી પરંતુ રજિસ્ટ્રેશન પેટર્ન બદલાઈ નથી. તેમના જણાવ્યા મુજબ, રાજ્ય સરકારે જંત્રીનો ડ્રાફ્ટ તો જાહેર કરી દીધો પણ તેના અમલની તારીખ જણાવી ન હતી. જોકે, પાછલા કેટલાક વર્ષોમાં ઘણા નવા રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ લોન્ચ થયા છે. એક ડેવલપરે પોતાનું નામ જાહેર ન કરવાની શરતે ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને જણાવ્યું હતું કે, જંત્રી વધ્યા પછી FSI કોસ્ટમાં થનારા વધારાથી બચવા માટે ડેવલપર્સે અપકમિંગ પ્રોજેક્ટ્સના પ્લાન પાસ કરવાની પ્રક્રિયા પૂરી કરી લીધી છે. જોકે, રજિસ્ટ્રેશન મળવામાં થોડો સમય લાગશે. સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે, GujRERA વ્યાપક પ્રોજેક્ટ રજિસ્ટ્રેશન સર્વિસ સુનિશ્ચિત કરવાની દિશામાં કામ કરી રહ્યું છે. ખાસ કરીને એ જિલ્લામાં જ્યાં કેટલાક રિયલ એસ્ટેટ ડેવલપર્સએ પોતાના નવા પ્રોજેક્ટનું રજિસ્ટ્રેશન કરાવ્યું નથી.

ગુજરાતમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૪માં રજિસ્ટર થયેલા ૧,૮૨૩ પ્રોજેક્ટમાંથી ક્યાં કેટલાનું રજિસ્ટ્રેશન થયું તેની વાત કરીએ તો અમદાવાદમાં ૫૫૦, વડોદરામાં ૨૧૯, સુરતમાં ૩૪૩ અને રાજકોટમાં ૧૫૭ પ્રોજેક્ટનું રજિસ્ટ્રેશન થયું છે.

*સાબરકાંઠાના વડાલી ખાતે કામ ચાલતું હતું*

# ભરબપોરે રેલવે લાઈનનું કામ કરતા શ્રમિકનું મોત

પ્રતિનિધિ દ્વારા
સાબરકાંઠા

સાબરકાંઠાના વડાલી ખાતે ભરબપોરે કામ કરાનવારા ૨૫ વર્ષીય મનોજ ડામોર નામના શ્રમિકનું મોત નિપજ્યું છે. શ્રમિક વડાલી ખાતે રેલવે લાઈનનું કામ કરી રહ્યા હતાં. આ દરમિયાન ગરમીમાં કામ કરતાં શ્રમિકને અચાનક છાતીમાં દુખાવો ઉપડ્યો અને ઘટનાસ્થળે જ તેનું મોત નિપજ્યું હતું. હાલ, શ્રમિકના મૃતદેહને પોસ્ટમોર્ટમ ખાતે વડાલીના સિવિલ હોસ્પિટલ મોકલવામાં આવ્યો છે. જોકે, પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ સરકારના આદેશને અવગણતા કોન્ટ્રાક્ટર સામે કોઈ પગલાં લેવાશે કે કેમ તે મોટો પ્રશ્ન છે.નોંધનીય છે કે, ગુજરાતમાં સાબરકાંઠામાં યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેને લઈને સરકારે શ્રમિકોની સલામતી માટે બપોરે કામ બંધ રાખવા માટે આદેશ કર્યો હતો. પરંતુ, કોન્ટ્રાક્ટરો તો જાણે સરકારના નિયમને ઘોળીને પી ગયા હોય તે પ્રકારે પોતાની મનમાની કરી રહ્યા છે. ગુજરાત રાજ્યમાં વધતી ગરમીને ધ્યાને લઈ શ્રમિકોને સુરક્ષા માટે રાજ્ય સરકારે બપોરે શ્રમિકો પાસે કામ ન કરાવવા આદેશ કર્યો હતો. જે અંગે જાહેરનામું બહાર પાડી સૂચના પણ આપવામાં આવી હતી. જાહેરનામામાં લખવામાં આવ્યું હતું કે, 'ભારતીય હવામાન વિભાગ દ્વારા એપ્રીલથી જૂન દરમિયાન હિટવેવની આગાહી કરવામાં આવી છે. રાજ્યના તમામ ઉદ્યોગો, બાંધકામ સાઈટ્સ, મનરેગા વર્કર્સ, ઈંટભઠ્ઠા તથા અન્ય સ્થળે કામ કરતા શ્રમિકોને હીટવેવથી નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલા લેવાં જરૂરી છે. જે ધ્યાને લઈ વિવિધ કામગીરીમાં રોકાયેલ શ્રમિકોને પ્રવર્તમાન ઉનાળાની સિઝનમાં અવારનવાર પડતી અતિશય ગરમીના કારણોસર લૂ લાગવી કે અન્ય સ્વાસ્થ્ય સંબંધિત જોખમો સામે રક્ષા મળે તે હેતુથી બપોરે ૧:૦૦ થી ૪:૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન ખુલ્લી જગ્યા કે જ્યાં સૂર્યના તાપની સીધી અસર પડે તેવી જગ્યાએ વિવિધ કામગીરી સાથે સંકળાયેલ શ્રમિકોને આગામી એપ્રિલ-૨૦૨૫ થી જૂન-૨૦૨૫ સુધીના સમયગાળા દરમિયાન ખુલ્લામાં સીધી રીતે સૂર્યના તાપની અસર ન પડે તેવી રીતે કામગીરી કરાવવા સૂચના આપવામાં આવે છે.'

*નશો કરવા ૨૦ રૂપિયા ના આપતા સગીરની હત્યા*

# સુરતના કાપોદ્રા પોલીસ સ્ટેશને મહિલાઓનો હલ્લાબોલ થયો

પ્રતિનિધિ દ્વારા
સુરત

સુરત શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ગુંડારાજ, અસામાજિક તત્ત્વો અને નશેડી રાજ વધી ગયું છે. ગૃહ રાજ્યમંત્રીના શહેરમાં જ કાયદો અને વ્યવસ્થા ખાડે ગઈ હોવાની નાગરિકોની ફરિયાદો છે. સુરતના કાપોદ્રામાં નશો કરવા માટે રૂપિયા આપવાની ના પાડતાં ૧૭ વર્ષીય સગીરની ચપ્પાના ઘારી મારીને હત્યા કરી દેવામાં આવતાં ભારે આક્રોશનો માહોલ જોવા મળી રહ્યો છે. આ ઘટનાના પડઘા એટલા ઉગ્ર પડ્યા છે કે, યુવકની હત્યાના બાદ મહિલાઓએ રણચંડી બનીને પોલીસ સ્ટેશનનો ઘેરાવો કર્યો હતો. આ મહિલાઓએ કાપોદ્રા જ નહીં, સમગ્ર સુરતમાં ખુલ્લેઆમ ચાલતા દારૂના અડ્ડા બંધ કરાવવાની તેમજ હત્યારાને ફાંસી આપવાની માગ કરી હતી. ૪૦૦-૫૦૦ મહિલાના ટોળાએ કાપોદ્રા પોલીસ સ્ટેશને હલ્લાબોલ કરતાં માહોલ તંગ બની ગયો હતો. આ મામલે ડી.સી.પી. આલોક કુમારે જણાવ્યું હતું કે આ મામલે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ બનાવીને ૧૫ દિવસમાં ચાર્જશીટ દાખલ કરાશે. સુરત શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ગુંડારાજ, અસામાજિક તત્ત્વો અને નશેડી રાજ વધી ગયું છે. ગૃહ રાજ્યમંત્રીના શહેરમાં જ કાયદો અને વ્યવસ્થા ખાડે ગઈ હોવાની નાગરિકોની ફરિયાદો છે. સુરતના કાપોદ્રામાં નશો કરવા માટે રૂપિયા આપવાની ના પાડતાં ૧૭ વર્ષીય સગીરની ચપ્પાના ઘારી મારીને હત્યા કરી દેવામાં આવતાં ભારે આક્રોશનો માહોલ જોવા મળી રહ્યો છે. આ ઘટનાના પડઘા એટલા ઉગ્ર પડ્યા છે કે, યુવકની હત્યાના બાદ મહિલાઓએ રણચંડી બનીને પોલીસ સ્ટેશનનો ઘેરાવો કર્યો હતો. આ મહિલાઓએ કાપોદ્રા જ નહીં, સમગ્ર સુરતમાં ખુલ્લેઆમ ચાલતા દારૂના અડ્ડા બંધ કરાવવાની તેમજ હત્યારાને ફાંસી આપવાની માગ કરી હતી. ૪૦૦-૫૦૦ મહિલાના ટોળાએ કાપોદ્રા પોલીસ સ્ટેશને હલ્લાબોલ કરતાં માહોલ તંગ બની ગયો હતો. આ મામલે ડી.સી.પી. આલોક કુમારે જણાવ્યું હતું કે આ મામલે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ બનાવીને ૧૫ દિવસમાં ચાર્જશીટ દાખલ કરાશે. આ ઘટના બાદ સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને લોકોએ પોલીસ મથકનો ઘેરાવો કર્યો હતો. ૫૦૦થી વધુ લોકોનું ટોળું પોલીસ સ્ટેશને પહોંચી ગયું હતું અને ન્યાયની માંગણી સાથે નારેબાજી કરી હતી. પરિસ્થિતિ વણસે તે પહેલાં પોલીસે સ્ટેશનના દરવાજાને લોક મારી દીધું હતું અને ડીસીપી સહિતના ઉચ્ચ અધિકારીઓએ દોડી આવ્યા હતા. અધિકારીઓએ કડક કાર્યવાહીની સાંત્વના આપી અને સમજાવટ બાદ મોડી રાત્રે સમગ્ર મામલો થાળે પડ્યો હતો. પોલીસે પરેશનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો અને ગણતરીની મિનિટોમાં આરોપી પ્રભુ શેટ્ટીની ધરપકડ કરી હતી.

# ભુજની ખાસ જેલમાં વાહનોમાં બ્લાસ્ટ થયા બાદ લાગી આગ

ભુજ

ભુજના સરપટ ગેટ પાસે આવેલી જુની જેલને પાલારા પાસે ખસેડવામાં આવ્યા બાદ ખાલી પડેલી જેલમાં બી ડિવિઝન પોલીસ દ્વારા જપ્ત કરાયેલા વાહનો રાખવામાં આવ્યા હતા.

આ વાહનોના ખડકલામાં બપોરના સમયે અચાનક આગ ભભૂકી ઉઠતાં ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી જોવા મળતા લોકોના ટોળે ટોળા ઘટના સ્થળે એકત્રિત થઈ ગયા હતા. પાલિકા હસ્તકના ફાયર વિભાગની ટીમને પણ ઘટના સ્થળે બોલાવી લેવામાં આવતા પાણીનો મારો ચલાવીને દોઢેક કલાકની જહેમત બાદ આગને કાબૂમાં લેવામાં સફળતા મળી હતી.

આગ કાબૂમાં આવી ત્યાં સુધીમાં મોટાભાગના વાહનોનો જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો. બપોરના ત્રણથી સાડા ત્રણના અરસામાં બી ડિવિઝન પોલીસ સ્ટેશનની બાજુમાં આવેલી જુની જેલમાં અચાનક બ્લાસ્ટ સાથે આગ ભભૂકી ઉઠતાં આજુબાજુનાં વિસ્તારોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. જોતજોતામાં આગને કારણે ધુમાડાના ગોટેગોટા આકાશમાં છવાઈ જતાં દૂર દૂર સુધી દેખાયા હતા. ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા. જુની જેલ પાસે આવેલો રસ્તો કાળા ડીબાંગ ધુમાડામાં ગરકાવ થઈ ગયો હતો. આજુબાજુના રહેવાસીઓના પણ શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. તાત્કાલિક અસરથી પોલીસ વિભાગ હરકતમાં આવી ગયો હતો. પાલિકા હસ્તકના ફાયર વિભાગને જાણ કરાતા તરત જ ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે ધસી ગઈ હતી. અહીં બી ડિવિઝન પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવેલા વાહનોનો ખડકલો કરવામાં આવ્યો હતો, જેમાં કોઈ કારણસર બ્લાસ્ટ થતાં આગ ભભૂકી ઉઠી હતી. પવનને કારણે આગે થોડીવારમાં જ વિકરાળ રૂપ ધારણ કરી લીધુ હતું અને અહીં પડેલા મોટાભાગના વાહનો સહિત અન્ય વાહનો પણ ઝપટમાં આવી ગયા હતા. ફાયરની ટીમને આગ પર કાબૂ મેળવવામાં દોઢ કલાક જેટલો સમય લાગ્યો હતો.

આગની જાણ થતાં પ્રાંત અધિકારી - ઈન્ચાર્જ ચીફ ઓફિસર સહિત નગરપાલિકાનો સ્ટાફ કાઉન્સિલરો પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને આગને કાબૂમાં લેવામાં મદદરૂપ બન્યા હતા.

# આપણું બંધારણ જે દેશના દરેક નાગરિક માટે ધર્મગ્રંથ સમાન છે, તેમાં ડો. બાબાસાહેબે સૌને એક, સંગઠિત અને શિક્ષિત બનીને વિકાસ માટેનું દિશાદર્શન આપ્યું : મુખ્યમંત્રી

ગાંધીનગર

ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મજયંતિ નિમિત્તે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં તુરી બારોટ સમાજના માતૃ-પિતૃ વંદના, ભીમ ડાયરો તથા સન્માન સમારોહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ ત્રિવેણી કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે તુરી બારોટ સમાજની મોબાઈલ એપ્લિકેશનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.



(તસવીર - અહેવાલ :- ગાંધીનગર માહિતી ખાતા દ્વારા)

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ડો. બાબાસાહેબે આપેલા બંધારણના અંગીકરણના ૭૫ વર્ષ આ વર્ષે થાય છે, એટલે એક અર્થમાં આ વર્ષની તેમની જયંતિ આપણા સૌ માટે વિશેષ અવસર છે. આપણું બંધારણ જે દેશના દરેક નાગરિક માટે ધર્મગ્રંથ ગણાય તેવું છે, તેમાં બાબાસાહેબે સૌને એક, સંગઠિત અને શિક્ષિત બનીને વિકાસ માટેનું દિશાદર્શન આપ્યું છે.

તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ મંત્રથી વિકસિત ભારતની દિશા આપી છે. આજે ૧૩૪મી આંબેડકર જયંતિએ તુરી બારોટ સમાજ સેવા સંઘના આ આયોજનમાં પણ વડાપ્રધાનશ્રીનો મંત્ર સાકાર થયો છે.

મુખ્યમંત્રીશ્રીએ આયોજકોને અભિનંદન પાઠવતા કહ્યું કે, આજે અહીં માતૃ-પિતૃ વંદના, ભીમ ડાયરો અને તુરી બારોટ સમાજના તેજસ્વી છાત્રોના સન્માનનો ત્રિવેણી સંગમ થયો છે. તુરી બારોટ જ્ઞાતિ તો પરંપરાગત કલા, સંસ્કૃતિના વારસાને જાળવવાનું કામ કરતી જ્ઞાતિ છે.

વડાપ્રધાન મોદીએ આપણી વિરાસતોનું ગૌરવ કરીને વિકાસનો મંત્ર 'વિકાસ ભી વિરાસત ભી'થી આપ્યો છે. તૂરી બારોટ સમાજ તો પ્રાચીનકાળથી જ આવી સંગીત સહિત અનેક કલાવિદ્યાની વિરાસતનું ગૌરવ ધરાવે છે. એવી કહેવત છે કે તૂરી સમાજનું બાળક રડે તો પણ રાગમાં રડે. લોકજીવનમાં આવી કહેવતો સદીઓના અનુભવ પછી ઊતરતી હોય છે. આ કહેવત કલા પ્રત્યે તમારા સમાજની સાધના અને સમર્પણ દર્શાવે છે, તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

એક સમયે આપણે ત્યાં જ્યારે ટીવી, રેડિયો, સિનેમા જેવા આજના જમાનાના મનોરંજનના સાધનો ન હતા ત્યારે આ સમાજે લોકોને ભવાઈ અને ડાયરા દ્વારા લોક મનોરંજન પૂરું પાડ્યું છે. એક તરફ કલાસાધના કરી છે, તો બીજી તરફ સમાજના ઘણા પરિવારોએ ચોપડા, રેકર્ડ રાખવાનું-ઈતિહાસ સંવર્ધનનું કાર્ય પણ કર્યું છે. તુરી બારોટ સમાજ પરંપરાને જાળવીને પ્રગતિના માર્ગે અગ્રેસર બન્યો છે. આજનો આ કાર્યક્રમ તેનું જીવંત ઉદાહરણ છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં, મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે ડાયરા તો ગુજરાતીઓ માટે મનોરંજન સાથે જનજાગૃત્તિનું ઉત્તમ માધ્યમ રહ્યા છે. ભીમ ડાયરો બાબાસાહેબની સ્મૃતિને એમના જીવનસંઘર્ષને એમણે આ દેશ માટે કરેલા બલિદાનને વંદન કરવાનો અવસર છે. બાબાસાહેબની વંદનાના આ આંબેડકર જયંતિના અવસરે આપણે સૌ વિકસિત ભારતના નિર્માણ માટે રાષ્ટ્રવંદનાનો સંકલ્પ લઈએ એ જ બાબાસાહેબને આપેલી સાચી અંજલિ છે. તેમણે ઉમેર્યું કે, વિકસિત ભારતના નિર્માણ માટે વડાપ્રધાનશ્રીએ આપેલા નવ સંકલ્પો સાકાર કરવા માટે આપણે પ્રતિબદ્ધ થઈએ. કેચ ધ રેઈન દ્વારા જળસંચય કરવા, એક પેડ માં કે નામ દ્વારા ગ્રીન કવર વધારવા, સ્વચ્છતા અને સ્વસ્થતા માટેના અભિયાનો તથા પ્રાકૃતિક ખેતી, વોકલ ફોર લોકલના મંત્રથી સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની અને યોગ તથા રમતગમતને જીવનનો ભાગ બનાવી રોગમુક્ત જીવનશૈલી માટેની હાકલ વડાપ્રધાનશ્રીએ કરી છે તેમજ દેશદર્શન દ્વારા પ્રવાસનને વેગ આપવા અને દેશના ભવ્ય વારસા પર ગૌરવ કરવાનો સંદેશો પણ તેમણે આપ્યો છે.

તુરી બારોટ સમાજ પરંપરાગત રીતે વારસા-વિરાસતનું ગૌરવ અને સંવર્ધનનું કાર્ય કરતો આવ્યો છે. લોકજાગૃતિના કાર્યો દ્વારા એક રીતે આ સમાજે રાષ્ટ્ર સેવામાં પણ યોગદાન આપ્યું છે. વિકસિત ભારત માટેના તમામ સંકલ્પો જનભાગીદારીથી પાર પાડવામાં અને વધુને વધુ લોકો સુધી આ સંકલ્પોનો સંદેશ પહોંચાડવામાં તુરી બારોટ સમાજ સક્રિય યોગદાન આપશે, એવો મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

તુરી બારોટ સમાજ સંમેલન પ્રસંગે વિશેષ ઉપસ્થિત આરોગ્ય અને કાયદા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, આ કળિયુગના સમયમાં સંગઠન એ જ શક્તિ છે, આ સંગઠનની શકિત વિના કોઈપણ સમાજને વિકાસની હરણફાળ ભરવી હોય તો તે ખૂબ મુશ્કેલ છે. અંધકારમય યુગમાં ડૉ. બાબાસાહેબે શિક્ષણની જ્યોત પ્રગટાવી હતી, તેમ જણાવતા ઉમેર્યું હતું કે, કોઈ પણ સમાજે પ્રગતિના પંથે આગળ વધવું હોય તો શિક્ષણ સિવાય કોઈ આરો નથી. શિક્ષણના માધ્યમથી આગળ વધો, સફળ બનો, પછી પાછા વળી સમાજના એ લોકોને સહાય ચોક્કસ કરો જેને આગળ વધવામાં તમારી મદદની જરૂર છે. આ સાથે જ તેમણે સમાજ દ્વારા આયોજિત માતૃપિતૃ વંદનાના સુંદર કાર્યક્રમને બિરદાવતા જણાવ્યું હતું કે, માતા પિતાનું મન દુભાવવું એટલે ભગવાનને નારાજ કરવા એમ સમજવું. સમાજમાં શિક્ષણ સાથે આવા આયોજનો દ્વારા સંસ્કૃતિ અને સંસ્કારોનું પણ રક્ષણ થાય તે ખૂબ જરૂરી છે. આ પ્રસંગે તુરી બારોટ સમાજના પ્રમુખ ડો. શૈલેશભાઈ તૂરીએ સ્વાગત પ્રવચનમાં સમાજનો વિસ્તૃત પરિચય આપતા જણાવ્યું હતું કે, તૂરી બારોટ સમાજ ખૂબ લાંબા સમયથી લોકોને ભવાઇ અને નાટક જેવા કાર્યક્રમો થકી મનોરંજન સાથે હાસ્ય લાવવાનું કામ કરે છે. તૂરી બારોટ સમાજ સેવા સંઘ છેલ્લા ૨૫ વર્ષોથી કાર્યરત છે, જેમાં સમાજના અંદાજે એક લાખ જેટલા લોકો જોડાયેલા છે. આ સમાજ દ્વારા ૬ જેટલા સમૂહ લગ્નનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે પાટણ લોકસભા સાંસદ શ્રી ભરતસિંહ ડાભી, ગાંધીનગરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, સંગઠન મહામંત્રી શ્રી રજનીભાઈ પટેલ, સંગઠનના પ્રદેશ પ્રવક્તા શ્રી જયરાજસિંહ પરમાર, પૂર્વ ધારાસભ્ય શ્રી પ્રવીણભાઈ મારૂ, તુરી બારોટ સમાજના પ્રમુખ ડો. શૈલેશભાઈ તુરી, પૂર્વ પ્રમુખ શ્રી આર.એમ.જાદવ, આઈ.એમ.એ.ના પ્રમુખ ડો. અનિલભાઈ નાયક, ડો. હર્ષદભાઈ વૈદ, ડો. નિપુલભાઈ નાયક, ડો. હિમાંશુભાઈ પટેલ સહિત સમાજના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## વેરાવળ-કોડીનાર હાઈવે પર ગમખ્વાર અકસ્માતમાં બેનાં કમકમાટીભર્યા મોત

પ્રતિનિધિ દ્વારા

ગીર સોમનાથ

ગીર સોમનાથમાં વેરાવળ-કોડીનાર હાઈવે પર રાત્રે ઈકો કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં ૨ લોકોનાં ઘટનાસ્થળે મોત નિપજ્યાં હતા અને ૭ લોકો ગંભીર રીતે ઘાયલ થતાં સારવાર માટે હોસ્પિટલ મોકલવામાં આવ્યાં છેગઈકાલ રાત્રે સાડા નવ વાગ્યે કોડીનાર-હાઈવે પર કણજોતર ગામ નજીક અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવી રહેલ ઈકો કાર અને બાઈક અથડાતા ૭ લોકો ઈજાગ્રસ્ત થયા હતા તેમજ ૨નાં તો ઘટનાસ્થળે જ પ્રાણપંખેરૂ ઉડી ગયા હતા, અકસ્માત સર્જાતા લોકો તુરંત ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને પોલીસને ઘટનાની જાણ કરી હતી. એમ્બ્યુલન્સને બોલાવી ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સુત્રાપાડા પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે ડમ્પર ચાલકે કેટલાક લોકોને કચડી નાખ્યા હતા, જેના કેટલાક **CCTV** કેમેરા પણ સામે આવ્યા છે. **CCTV**માં જોવા મળ્યું કે કેટલાક લોકોનું ટોળું ઊભું હતું, ત્યારે ઝડપથી આવી રહેલ ડમ્પર ચાલકે એટલી જોરદાર ટક્કર મારી હતી કે કેટલાક લોકો ત્યાં જ કચડાઈ ગયા હતા. અકસ્માતમાં બાલુભાઈ કલોતરા અને સુભાષ પરમારના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. મૃતકોના પરિવારમાં શોક છવાયો છે, તેમજ ગુનો કરનાર સામે કાર્યવાહી કરવાની માંગણી કરી છે. લોકોની પોલીસ અને પ્રશાસન સામે માંગણી છે કે આવા બેફામ ડમ્પરચાલકો સામે કડક પગલાં લેવા જોઈએ.

તાજેતરમાં અમદાવાદ શહેરમાં ઘાટલોડિયાનો રહેવાસી ઉમંગ પટેલ જોયસ કેમ્પસમાં પટાવાળા તરીકે કામ કરતો હતો. અકસ્માત થયો ત્યારે તે તેની શીલજમાં રહેતી બહેન કૃપાએ ઉમંગ અને તેના માતાપિતા માટે ભોજન બનાવ્યું હતું. મૃતક બાઈક પર શીલજ જઈ રહ્યો હતો. ત્યારે બ્રિજ પર પહોંચતાની સાથે જ ઝડપથી આવતા ડમ્પર ચાલકે બાઈકને ટક્કર મારતા ગંભીર ઈજાઓ પહોંચી હતી.

Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL